# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેકસ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 144 તારીખ: 20/10/18

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

જય કિશન ફાઈબર પ્રાવેટ લીમીટેડ,

સર્વે નંબર-૧૩૮, ભુજ-ભચાઉ રોડ,

નેશનલ હાઇવે -૮,હોટલ નીલકંઠ રેસીદેન્સીની બાજુ,

તા-લાખોદ- ૩૭૦૧૦૫,

જી. ભુજ-કચ્છ મોબાઇલ નંબર:-

વિષય :– કેસ નંબર પીજી૦૨/૦૦૨/૨૦૧૮-૧૯

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૨/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, કુકમા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 144 તારીખ: 20/10/18

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-002-002-2018-19.

અરજદાર: મેસર્સ જય કિસાન ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ
સર્વે નંબર-૧૩૮, ભુજ ભચાઉ રોડ, નેશનલ હાઈવે-૮,
હોટેલ નિલકંઠ રેસીડેન્સી પાછળ, મુ. લાખોંદ, તા.-ભુજ-કચ્છ. ૩૭૦૧૦૫

રજૂઆત કરનાર: શ્રી પુરુષોત્તમભાઈ ગોકળભાઈ સાવરિયા(અધિકૃત પ્રતિનિધિ)

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
રજૂઆત કરનાર: (૧) શ્રી કે.આર.વરસાણી, કા.ઈ.,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ
(૨) શ્રી એસ.એ.મેમણ, અધિક્ષક(રેવન્યુ), વિભાગીય કચેરી, ભુજ.

:: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૮/૦૯/૨૦૧૮

Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી મેસર્સ જય કિસાન ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ ૪૨૫ કેવીએનું એચ.ટી. કનેક્શન નંબર-૩૧૬૦૮ થી પીજીવીસીએલના ગ્રાહક છે. જેઓનું કનેક્શન ગ્રામ્ય વિસ્તારમાં આવેલું છે. આ એચ.ટી. કનેક્શનનો ઔદ્યોગિક વપરાશ ઉપરાંત રેસીડેન્શીયલ (સ્ટાફ ક્વાર્ટર્સ) હેતુ માટે પણ વીજવપરાશ કરવામાં આવે છે.

૧.૧ કલેક્ટર ઓફ ઈલે. ડ્યુટીના પરિપત્ર મુજબ રેસીડેન્શીયલ (સ્ટાફ ક્વાર્ટર્સ) હેતુના વીજવપરાશ પર તા.૦૧/૦૪/૨૦૦૭ થી તા.૩૧/૦૩/૨૦૧૨ સુધી ૧૦% વીજકર વસૂલવાનો છે અને તા.૦૧/૦૪/૨૦૧૨ થી ૭.૫% વીજકર વસૂલવાનો છે.

૧.૨ અરજદારશ્રીની અરજી મુજબ અમોને સીઝનલ ગ્રાહકના ટેરીફ નંબર ૧૪.૧ થી ૧૪.૧૧ મુજબ બીલ બનાવવાનું હોય. અમોને પ્રથમથી જ બીલમાં પારાનંબર ૧૪.૩ મુજબ ટાઈમ ઓફ યુઝ ચાર્જ લગાડવામાં આવે છે, પરંતુ અમોને પારા નંબર ૧૪.૧૦ મુજબ કન્સેશન ફોર યુઝ ઓફ નાઈટ આપવામાં આવતું નથી. આ અંગે અમોએ ભુજ વિભાગીય કચેરીએ તા.૧૬/૦૬/૨૦૧૮ના રોજ અરજી કરેલ હતી.

૧.૩ અરજદારશ્રીની અરજીના અનુસંધાને ભુજ વિભાગીય કચેરી જણાવે છે કે, "નિયમ અનુસાર ટોટલ કન્ઝમ્પ્શનના ૧/૩ થી નીચે રીડીંગ આવતા હોઈ ત્યાં નાઈટ રીબેટ આપવાપાત્ર થતા નથી". અમોને એપ્રિલ-મે-જૂન-૨૦૧૨, એપ્રિલ-૨૦૧૩, મે-૨૦૧૪, ઓગસ્ટ-૨૦૧૫ મહિનામાં ટોટલ વપરાશના ૧/૩થી નાઈટમાં વધુ વપરાશ હોવા છતાં અમોને નાઈટ રીબેટ આપેલ નથી. એપ્રિલ ૨૦૧૬થી તમામ નાઈટ યુનિટ ઉપર ૪૦ પૈસા રીબેટ આપવાનું નક્કી થયેલ છે, છતાં નિયમથી બેખબર જવાબ આપેલ છે. અમોને આપવાપાત્ર નાઈટ રીબેટ આપે તેવો હુકમ થવા નમ્ર વિનંતી.

૧.૪ અમારા બીલમાં પાવર ફેક્ટરની વેલ્યુ પણ ઓછી લેવામાં આવે છે. પાવર ફેક્ટર = ટોટલ કેડબલ્યુએચ/ ટોટલ કેવીએએચ મુજબ ગણાય છે. આમાં પોઈન્ટ પછી ત્રણ ફિગર લેવાના હોય છે. ચોથો ફીગર પાંચથી વધુ હોય તો પણ ધ્યાને લેતા નથી. તેથી જે લોકોને પાવર ફેક્ટર પેનલ્ટી લાગે તેને ઓછી પેનલ્ટી લગાવે છે. અને જે લોકોને પાવર ફેક્ટર રીબેટ મળે તે લોકોને ઓછું રીબેટ આપે છે. અમોએ અમારી અરજીમાં આ બાબતનો ઉલ્લેખ કરી નિયમ મુજબ ગણતરી કરવાની માંગણી કરેલ છે.

૧.૫ એપ્રિલ-૨૦૧૬ના બીલમાં ડીમાન્ડ ચાર્જમાં વધારો થયેલ અને એનર્જી બીલમાં ઘટાડો થયેલ છે. અમારી જાણવા મુજબ એપ્રિલ-૨૦૧૬ના બીલમાં એનર્જી ચાર્જમાં પ્રોરેટા ગણીને બીલ બનાવેલ છે અને ડીમાન્ડ ચાર્જમાં પ્રોરેટા ગણેલ નથી. ટેરીફ એનેક્ષરના ક્લોઝ નંબર-૧૧ મુજબ મંથલી બીલીંગમાં પ્રોરેટા ન કરી શકાયછતાં અમોને એનર્જી ચાર્જમાં પ્રોરેટા ગણીને બીલ આપેલ છે. નિયમ મુજબ અમોને રૂ. ૩૭૦૫૬.૧૨ જમા આપવાના થાય તેને બદલે રૂ. ૮૬૩૪.૦૨ જમા આપેલ છે. તેથી તફાવતના રૂ. ૨૮,૪૨૨.૧૦ અમારે લેણાં નીકળે છે, જે જમા આપવા હુકમ કરી આપવા નમ્ર વિનંતી.

૧.૬ એપ્રિલ-૨૦૧૬માં ઓફ સીઝન હોઈ બીલમાં ડીમાન્ડ ચાર્જ નિયમ મુજબ વસૂલ કરેલ નથી, જે નિયમ મુજબ નથી. અમોને ડેબીટ કરેલ રકમ રૂ.૪૫૫૯૭.૫૦ જમા આપવા વિનંતી.

Scanned by CamScanner

૧.૭ અમારી ઉપરોક્ત નિયમ મુજબની માંગણીને મંજૂર કરતા નથી. તેથી આપ નામદાર સાહેબ પાસે રજૂઆત કરવાની અમોને ફરજ પડેલ છે. આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે કે અમારી નિયમ મુજબની માંગણી મંજૂર કરી અમારી કાયદેસરની નીકળતી રકમ તાત્કાલિક અમારા હવે પછીના બીલમાં જમા આપે અને હવેથી નિયમ મુજબ બીલ બનાવે તેવો હુકમ કરવા યોગ્ય કરશો.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સ્ટાફ ક્વાર્ટરમાં ઈલે. ડ્યુટી બાબતે જણાવવાનું કે, એક પ્રીમાઈસીઝમાં એક કનેક્શન નિયમ મુજબ આપવાનું હોય છે. અને સદરહુ એચ.ટી. કનેક્શનમાં એક ટેરીફથી બીલ અપાયેલ છે. અને સ્ટાફ ક્વાર્ટર્સના રીડીંગ પર ૧૫% ડ્યુટી એચ.ટી.કનેકશનના નિયમમુજબ લગાડેલ છે. રૂરલ એરિયામાં લાગવાપાત્ર ૭.૫% ઈલે. ડ્યુટી અલગથી લાઈટીંગ કનેક્શન માટે છે, જે એચ.ટી. કનેક્શનમાં લાગુ પડતી નથી.

૨.૧ સદરહુ ગ્રાહકને નાઈટ યુનિટનો લાભ જ્યારે તે સીઝનલ ટેરીફમાં હતા ત્યાર સુધી નિયમ મુજબ અપાયેલ નથી, કારણકે સીઝનલ ટેરીફમાં નાઈટ યુનિટનો લાભ મળતો નથી. પરંતુ સદર ગ્રાહકનું માસ-ઓક્ટોબર-૨૦૧૬ થી સીઝનલ ટેરીફ નીકળી જતાં નાઈટ યુનિટનો લાભ ઓક્ટોબર-૨૦૧૬થી આપવામાં આવેલ છે. નાઈટ યુનિટ અંગે ઉપરોક્ત ગ્રાહકને અત્રેની કચેરી દ્વારા પત્ર નં. બીજેડીએન/રેવ/એચટી/૩૭૩૮થી જે જવાબ અપાયેલ છે તેમાં નાઈટ યુનિટનો વપરાશ ૧/3 હોય તો આપવાનું થાય છે, એ નિયમ તા.૦૧/૦૪/૨૦૧૬ પહેલાં હતો. તા.૦૧/૦૪/૨૦૧૬ પછી ટોટલ નાઈટ યુનિટ પર રીબેટ આપવામાં આવેલ છે, સીઝનલ સિવાયના પીરીયડ માટે.

૨.૨ પાવર ફેક્ટર વેલ્યુ ગ્રાહકના ટોટલ કેડબલ્યુએચ/ટોટલ કેવીએએચ મુજબ ગણતરી થાય છે અને જે હમેશાં પોઈન્ટ પછી ૩(ત્રણ) આંકડામાં આવે છે, જે અનુસાર સદર ગ્રાહકને પાવર ફેક્ટર રીબેટ રીકવરી નિયમ મુજબ અને ટેરીફ સર્ક્યુલર મુજબ કરેલ છે.

૨.૩ માસ એપ્રિલ-૨૦૧૬થી એનર્જી ચાર્જમાં ઘટાડો અને માસ મે-૨૦૧૬ના બીલમાં થતાં માસ મે-૨૦૧૬ના બીલમાં એનર્જી ચાર્જના પ્રોરેટા મુજબ રૂ.૮૬૩૪/- જમા આપેલ છે. જ્યારે માસ એપ્રિલ ૨૦૧૬ના બીલમાં ડીમાન્ડ ચાર્જ સીઝનલ ઈન્ડીકેટર તરીકે હોવાથી ચાર્જ થયેલ નહિ. જેની રીકવરી માસ મે-૨૦૧૬ના બીલમાં રૂ. ૪૫૫૯૬/- કરેલ છે. કારણકે સીઝનલ માટે અરજી કરવામાં આવેલ નહિં અને વર્ષ ૨૦૧૬માં સીઝનલ ગ્રાહકમાં YMG ચાર્જ પણ વસૂલ કરવામાં આવેલ નથી.

૨.૪ આમ, ઉપરોક્ત ગ્રાહકને તમામ બીલ નિયમ મુજબ જ અપાયેલ છે, આમ છતાં ઉપરોક્ત ગ્રાહક દ્વારા જે પણ પત્રો દ્વારા રજૂઆત કરેલ છે એમના જવાબ અત્રેની કચેરી દ્વારા અપાયેલ છે અને છેલ્લે અત્રેની કચેરી દ્વારા પત્રનં. બીજેડીએન/રેવન્યુ/એચટી/૩૭૩૮, તા.૨૬/૦૬/૧૮ થી ઉપરોક્ત ગ્રાહકને એમના પ્રશ્નો માટે વિભાગીય કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનું જણાવેલ હોવા છતાં તેમણે ક્યારે પણ અત્રેની કચેરીનો સંપર્ક કરેલ નથી અને ગ્રાહક તકરા નિવારણ ફોરમમાં ફરિયાદ કરેલ છે જે આપની જાણ માટે.

Scanned by CamScanner

:: હુકમ ::

૩.0 સુનાવણી સમયે રજૂઆત કરનાર તેમજ સામાવાળાની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

૩.૧ હાલમાં અરજદાર જીનીંગના વપરાશ માટે ૪૨૫ કેવીએનું એચ.ટી કનેક્શન ધરાવે છે. જેના ગ્રાહક નંબર ૩૧૬૦૮ છે. રેકોર્ડ મુજબ આ કનેક્શન ૨૯/૦૯/૨૦૦૬ના રોજ રીલીઝ કરવામાં આવેલ.

૩.૨ અરજદાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના રહેણાંક કનેક્શન માટે જે ઈલેક્ટ્રીક ડ્યુટીના પરિપત્ર જોડવામાં આવેલ છે, તે તમામ ગ્રામ્ય વિસ્તારના રહેણાંક એલ.ટી. કનેક્શનોને લાગુ પડે છે. આ તમામ પરિપત્રો ઔદ્યોગિક એચ.ટી. કનેક્શનોમાંથી સ્ટાફ ક્વાર્ટર્સમાં થતા પેટા વપરાશ માટે લાગુ પાડી શકાય નહીં. સદરહુ કનેક્શનમાં એક ટેરીફથી બીલ આપવામાં આવેલ છે. અને સ્ટાફ ક્વાર્ટર્સમાં મીટર ઉપર ૧૫% ઈલે. ડ્યુટી એચ.ટી. કનેક્શનોના નિયમ મુજબ લગાવવામાં આવેલ છે. રૂરલ એરિયામાં લાગવાપાત્ર ૭.૫% ઈલે.ડ્યુટી અલગથી લાઈટીંગ કનેક્શન માટે છે, જે એચ.ટી. કનેક્શનમાં લાગુ પડતી નથી.

3.3 સદરહુ ગ્રાહકને નાઈટ યુનિટ કન્સેશનનો લાભ જ્યાં સુધી તેઓ સીઝનલ ટેરીફમાં હતા ત્યાં સુધી નિયમ મુજબ અપાયેલ નથી. કારણકે સીઝનલ ગ્રાહકને નિયમ મુજબ નાઈટ ટેરીફ કન્સેશનનો લાભ મળતો નથી. તદુપરાંત જે-તે સમયના ટેરીફ શેડ્યુઅલ મુજબ સીઝનલ સિવાયના એચ.ટી. ગ્રાહક્નો નાઈટ વપરાશ ટોટલ વપરાશના ૧/3 કરતા વધારે હોય તેવા સંજોગોમાં વધારાના યુનિટ માટે નાઈટ કન્સેશન(રીબેટ)નો લાભ મળતો હતો, પરંતુ તા.૦૧/૦૪/૨૦૧૬ થી સીઝનલ સિવાયના રેગ્યુલર એચ.ટી.ગ્રાહક માટે ટોટલ નાઈટ વપરાશ માટે રીબેટ આપવાનું ટેરીફ શેડ્યુઅલમાં પ્રોવિઝન હોવાથી તા.૦૧/૦૪/૨૦૧૬થી રેગ્યુલર એચ.ટી.કનેક્શનમાં નાઈટ વપરાશ માટે નિયમ મુજબ કન્સેશન(રીબેટ) આપવામાં આવે છે. સદરહુ ગ્રાહક ઓક્ટોબર ૨૦૧૬થી સીઝનલ ટેરીફમાંથી નીકળી જતાં ઉપરોક્ત ગ્રાહકને ઓક્ટોબર ૨૦૧૬થી નાઈટ કન્સેશનનો લાભ(રીબેટ) નિયમ મુજબ આપવામાં આવેલ છે.

૩.૪ પાવર ફેક્ટર વેલ્યુ ગ્રાહકના ટોટલ કેડબલ્યુએચ / ટોટલ કેવીએએચ મુજબ ગણતરી થાય છે અને જે હમેશાં પોઈન્ટ પછી ૩(ત્રણ) આંકડામાં લેવામાં આવે છે, જે નિયમ મુજબ છે. આ નિયમ મુજબ સદર ગ્રાહકને પાવર ફેક્ટર રીબેટ / રીકવરી નિયમ મુજબ અને ટેરીફ સર્ક્યુલર મુજબ કરવામાં આવેલ છે.

૩.૫ માસ-એપ્રિલ ૨૦૧૬થી એનર્જી ચાર્જમાં ઘટાડો થતાં માસ મે-૨૦૧૬ના બીલમાં એનર્જી ચાર્જના પ્રોરેટા મુજબ રૂ.૮૬૩૪/- જમા આપેલ છે. જ્યારે માસ એપ્રિલ ૨૦૧૬ના બીલમાં ડીમાન્ડ ચાર્જ સીઝનલ ઈન્ડીકેટર તરીકે હોવાથી ચાર્જ થયેલ નહિ. જેની રીકવરી માસ મે-૨૦૧૬ના બીલમાં રૂ. ૪૫૫૯૬/- કરેલ છે. કારણકે સદરહુ ગ્રાહક દ્વારા સીઝનલ માટે અરજી કરવામાં આવેલ નહિં. તદુપરાંત વર્ષ ૨૦૧૬માં સીઝનલ ગ્રાહકમાં જે YMG ( Yearly Minimum Guarantee) ચાર્જ પણ વસૂલ કરવામાં આવેલ નથી.

૩.૬ પીજીવીસીએલ દ્વારા સદરહુ એચ.ટી.કનેક્શન મેસર્સ જયકિસાન ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ્ને તમામ બીલો નિયમ મુજબ આપવામાં આવેલ છે. ઉક્ત સંજોગોમાં સદરહુ ગ્રાહકની વીજકર રીવાઈઝ કરવાની, નાઈટ કન્સેશન(રીબેટ) આપવાની, પાવર ફેક્ટર રીબેટની, એપ્રિલ ૨૦૧૬નો ડીમાન્ડ ચાર્જ રીફંડ કરવાની માંગણી ગ્રાહ્ય રાખી શકાય નહીં.

Scanned by CamScanner

3.૭ આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

3.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Scanned by CamScanner